વૃત્તાંત: ૨૩ એપ્રિલ - સ્પેન્સર વિલ્સન - સલાહમસલત વિના ફેરફાર કરવો નહીં

**કોવિડ -૧૯ કમ્યુનિટી રિસ્પોન્સ (સમાજનો પ્રતિભાવ)**

અમારી 'કમ્યુનિટી રિસ્પોન્સ' સેવા નુકસાનના સૌથી વધુ જોખમવાળા અને મદદની જરૂરવાળા લોકોને, અને જેઓ અત્યારે મિત્રો, સગાંઓ અથવા પડોશીઓ તરફથી એ મદદ મેળવી શકતા નથી એવા લોકોને સહાય કરવાનો ધ્યેય ધરાવે છે.

જો તમારી પાસે કોઇ મદદ કરનાર ન હોય અને તમે ખાવાપીવાની અથવા બીજી આવશ્યક ચીજવસ્તુઓ મેળવવામાં મુશ્કેલી અનુભવી રહ્યા હોય તો., તમે www.kirklees.gov.uk/covid19response પર અમારૂં ઓનલાઇન ફોર્મ ભરી શકો છો અથવા અમારા ફ્રીફોન નંબર 0800 4561114 નો ઉપયોગ કરી શકો છો. તમે બીજા કોઇને પણ તમારા વતી ફોન કરવાનું કહી શકો છો.

ભેગા મળીને આપણે બધા આપણા પડોશીઓ અને સમુદાયોને આગામી અઠવાડિયાંઓમાં સહાય કરી શકીએ તેની ખાતરી કરવા અમે લોકલ ગૃપો અને સંસ્થાઓ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. ભેગા મળીને અમે એક સંયુક્ત, સમન્વિત 'કમ્યુનિટી રિસ્પોન્સ' પૂરો પાડી રહ્યા છીએ. આ વસ્તુ આપણને બધાને એની ખાતરી કરવામાં મદદ કરશે કે જે લોકો નુકસાન પહોંચવાના જોખમવાળા છે તેઓ તેમને જ્યારે પણ જરૂર હોય ત્યારે સરળતાની મદદની માંગણી કરી શકે.

જો તમારે મદદની જરૂર હોય, અથવા જો તમે બીજા લોકોને સહાય કરી શકતા હોય તો, કૃપા કરી અમારો સમ્પર્ક કરો. અમે તમારી સાથે જ છીએ.